# શ્રી સ્થાનકવાસી જૈન છાત્રાલય

SSJC
SINCE 1935

સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન: ૦૭૯-૨૬૫૬૯૫૮૫ મો. ૯૮૭૦૦ ૩૮૦૮૯

ફોર્મ મળ્યા તારીખ.

નંબર :

## જુના/નવા વિદ્યાર્થીઓને છાત્રાલયમાં દાખલ થવા માટેનું પ્રવશેપત્ર

વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝનો ફોટો

૧. વિદ્યાર્થીનું પુરું નામ ..................................................................

૨. વિદ્યાર્થીનું સરનામું :..................................................................

..................................................................................

..................................................................................

મે. માનદમંત્રી
હું નીચે સહી કરનાર અમદાવાદમાં અભ્યાસ કરવા અને આ છાત્રાલયમાં દાખલ થવા માટેની ઈચ્છા ધરાવુ છું. હું સ્થાનકવાસી જૈન છું. મારી અરજી રજુ કરેલ છે. આથી હું કબુલાત આપુ છું કે, છાત્રાલયમાં દાખલ થવા માટેના નિયમો મેં તથા મારા વાલીએ વાંચ્યા છે. તથા વખતોવખત વ્યવસ્થાપક કમિટી જે જે નિયમો કરે તે બધા પાળવા અને પળાવવા અમો બંધાઈએ છીએ, તેમજ છાત્રાલયના ગૃહપતિની સૂચનાઓ તથા આજ્ઞાઓનું હું યથાર્થ પાલન કરીશ.

જન્મ તારીખ :................................

વિદ્યાર્થીનો મો.નંબર.................................ઈ-મેઈલ..............................................

પિતાનો મો.નંબર.....................................ઈ-મેઈલ..............................................

માતાનો મો.નંબર.....................................ઈ-મેઈલ..............................................

૩. અમદાવાદમાં રહેતા સગા-સંબંધીનું નામ

..........................................................................

સરનામું તથા ફોન નંબર

..........................................................................................

..................................................................................................

| ૪. કુટુંબના સભ્યોના નામ | સંબંધ | વ્યવસાય | વાર્ષિક આવક |
|---|---|---|---|
| ૧..................................... | .................... | .................... | .................... |
| ૨..................................... | .................... | .................... | .................... |
| ૩..................................... | .................... | .................... | .................... |
| ૪..................................... | .................... | .................... | .................... |

વેકેશન દરમ્યાન છાત્રાલયનો ઓફિસ કામકાજનો સમય સવારે ૧૧ થી ૪ નો રહેશે.

૫. **અભ્યાસ :-**

(અ) છેલ્લી કઈ પરીક્ષા ____________________

વર્ષ ____________________

શાળા / કોલેજનું નામ ____________________

(બ) અમદાવાદમાં કઈ લાઈનમાં અને
કયા વર્ષમાં દાખલ થવાના છો ? ____________________

૬. વિદ્યાર્થીનો ધાર્મિક અભ્યાસ : સામાયિક પ્રતિક્રમણ ____________________

૭. આગળ ધાર્મિક અભ્યાસમાં રસ ધરાવો છો ? ____________________

૮. અભ્યાસ માટે તમને કોઈ ગવર્મેન્ટ મેરીટ
સ્કોલરશીપ મળી છે ? મળી હોય તો તેની વિગત ____________________

૯. જૂના વિદ્યાર્થી હોય તો પ્રથમવાર છાત્રાલયમાં
ક્યારે દાખલ થયા ? ____________________

૧૦. વિદ્યાર્થીએ શૈક્ષણિક/અન્ય પ્રવૃતિમાં સિદ્ધિ પ્રાપ્ત
કરેલ હોય તો તેની વિગત ____________________

વિદ્યાર્થીની સહી.............................. વાલીની સહી..........................................

તારીખ......................................

## (૨) ઉમેદવારે છેલ્લી આપેલ વાર્ષિક પરીક્ષાનું પરિણામ

| છેલ્લી પરીક્ષાની વિગત | | | ઓફીસ કામ માટે |
|---|---|---|---|
| વર્ષ | | | |
| મેળવેલ ગુણ | | | |
| કુલ ગુણ | | | |
| ટકાવારી | | | |

નોંધ : પ્રવેશ વખતે ઓરીજીનલ માર્કશીટ બતાવવી જરૂરી છે.

અરજી સાથે જોડવાના પત્રોની યાદી

૧) છેલ્લી પરીક્ષાનુ પરિણામ

૨) સંઘનો દાખલો ઓરીજીનલ (નમુના મુજબના સંઘના લેટરપેડ ઉપર)

૩) રંગીન આધારકાર્ડ

૪) રોકડા રૂા.૧૦૦ અથવા ચેક

# શ્રી સ્થાનકવાસી જૈન છાત્રાલયના વિદ્યાર્થીએ પાળવાના નિયમો

(આ નિયમોનું ફોર્મ દરેક વાલીએ તથા વિદ્યાર્થીએ વાંચી–સમજીને પછીજ પ્રવેશપત્ર ભરીને મોકલવું)

## (૧) છાત્રાલયમાં દાખલ થવા બાબત

(૧) ધોરણ ૧૦ પાસ કરીને ધોરણ ૧૧/૧૨ માં દાખલ થવા ઈચ્છુક વિદ્યાર્થી માટે ૭૦ ટકાથી ઉપર મેરીટ પ્રમાણે તથા છાત્રાલયના નિયમોનુસાર પ્રવેશ આપવામાં આવશે. ઉપરોક્ત વિદ્યાર્થીઓ માટે જુજ સીટો ઉપલબ્ધ રાખેલ છે.

(૨) ધોરણ ૧૨ ઉપરની પરીક્ષા પાસ કરીને કોલેજમાં અભ્યાસ કરવા માટે પ્રવેશ મેરીટ મુજબ આપવામાં આવશે.

(૩) છાત્રાલયમાં પ્રવેશ માટે જુના વિદ્યાર્થીએ તેની છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૬૦ ટકાવારી મેળવવાની રહેશે તેથી ઓછા માર્કસ મેળવેલ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે નહીં.

(૪) પોસ્ટ ગ્રેજ્યુએશનમાં દાખલ થવા માટે નવા તથા છાત્રાલયના જુના વિદ્યાર્થીઓને ટકાવારી ગણતરી લઈ પછી મેરીટ પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે.

(૫) નવા દાખલ થતા વિદ્યાર્થીને છાત્રાલયમાં કેમ રહેવું તેની સમજ આપવામાં આવશે અને તે મુજબ તેને સંપુર્ણપણે પાલન કરવાનું રહેશે.

## (૨) લવાજમ ભરવા બાબત

(૬) વિદ્યાર્થીની અરજી મંજુર થયા બાદ નોટીસબોર્ડમાં જણાવ્યા મુજબ સંપુર્ણ લવાજમની ફી અને ડીપોઝીટની ફી તુરંત ભરી જવી. આ પ્રમાણે નહી કરનારનો પ્રવેશ રદ કરવામાં આવશે. આ અનામત છાત્રાલય છોડતી વખતે, છાત્રાલયમાં કોઈ નુકશાન નહીં કર્યુ હોય તો પાછી આપવામાં આવશે. બીજું સત્ર શરુ થયા પહેલા બીજા સત્રની સંપુર્ણ ફી ભરવામાં નહીં આવે તો તેની જગ્યાએ બીજા વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે. અનામતની રકમ છાત્રાલય છોડયા પછી એક મહીનામાં લઈ જવી, નહી તો સામાન્ય ભંડોળ ખાતે જમા કરવામાં આવશે.

(૭) છાત્રોનું લવાજમ નોટીસબોર્ડ માં જણાવ્યા મુજબ લેવામાં આવશે.

નોંધ–પોસ્ટ ગ્રેજયુએશનમા દાખલ વિદ્યાર્થીની ફી અલગ રહેશે.

સંસ્થાએ આપેલા ઈલેક્ટ્રીકના સાધનો સિવાયના કોઈપણ બીજા ઈલેક્ટ્રીક સાધનો વિદ્યાર્થી વાપરી શકશે નહીં. આ નિયમનો ભંગ કરનારની અનામત જપ્ત થશે અને છાત્રાલયમાંથી ગમે તે વખતે તેમની કાઢી મુકવામાં આવશે.

સામાન્ય રીતે ૧લી મે થી ૧૫મી જૂન સુધી ઉનાળુ વેકેશન હોવાથી છાત્રાલય બંધ રહેશે. વેકેશનમાં રહેવાની સગવડ નોટીસમાં જણાવવામાં આવશે.

(૮) લવાજમ ફી એકવાર ભર્યા બાદ તે કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.

(૯) વિદ્યાર્થી વગર રજાએ ગેરહાજર રહેશે અગર છાત્રાલય છોડીને ચાલ્યો જશે અગર કોઈ ગુન્હાસર તેને છાત્રાલયમાંથી બરતરફ કરવામાં આવે, તો તેણે સત્રમાં ભરેલું લવાજમ તથા અનામત રકમ પાછી આપવામાં આવશે નહીં.

(૧૦) છાત્રાલયમાં દાખલ થતી વખતે દરેક રુમમાં ઈલેક્ટ્રીક સાધનો જેવાકે ટયુબલાઈટ, પંખા, અરીસો, ઘડિયાળ,કબાટ, ડસ્ટબીન, બારી–બારણા વગેરે ચાલુ હાલતમાં આપવામાં આવશે અને ટર્મ દરમ્યાન તથા રુમ છોડતી વખતે તેમાં કોઈ નુકશાન થશે તો તેની સંયુક્ત જવાબદારી (રુમ પાર્ટનર)ની રહેશે અને તેનો ખર્ચ તેમને ભોગવવાનો રહેશે.

## (૩) રસોડા બાબત

(૧૧) ભોજનની જે વસ્તુઓ વ્યવસ્થાપક છાત્રોના આરોગ્ય તથા સંસ્થાની સગવડનો વિચાર કરીને નક્કી કરીએ તે વસ્તુઓ છાત્રોએ સ્વીકારવાની રહેશે. કોઈપણ વસ્તુ નહીં ભાવતી હોય કે તબીયતના કારણે અપાચ્ય હશે તો તેનો ત્યાગ કરી શકે પરંતુ તેના બદલે બીજી વસ્તુ આપવી કે ન આપવી તેનો વિચાર કરી વ્યસ્થાપક જે નિર્ણય આપે તેનો સ્વીકાર કરવાનો રહેશે, મિષ્ટ જમણ અથવા ફરસાણ અંગે વ્યવસ્થાપકોએ જે નક્કી કર્યુ હશે તે સિવાયની બીજી કોઈ માંગણી વિદ્યાર્થીઓ કરી શકશે નહીં.

(૧૨) સંજોગોવશાત રસોડાની જમવા અંગેની અથવા બીજી કોઈપણ પ્રકારની ફરીયાદ જમતી વખતે કોઈપણ વિદ્યાર્થી કરી શકે નહીં. વિદ્યાર્થીઓએ જમી રહ્યા બાદ જે કંઈ ફરીયાદ હોય તે શાંતિથી અને શિસ્તપૂર્વક ગૃહપતિને કરવી, જેથી ગૃહપતિ તેની ફરીયાદ સાંભળી ઘટતું કરી શકે. આ નિયમોની જે કોઈ વિદ્યાર્થી ભંગ કરશે તેને બીજા સત્રમાં દાખલ કરવામાં આવશે નહીં.

(૧૩) નિયત સમય સિવાય જે વિદ્યાર્થીને જમવાની જરૂર પડે તેણે ગૃહપતિની રજા લેવાની રહેશે. પરંતુ સાંજે આઠ વાગ્યા પછી કોઈને પણ જમાડવામાં આવશે નહીં. કોઈપણ વિદ્યાર્થી માટે સાંજે ટીફીન ભરી આપવામાં આવશે નહીં. ફક્ત ને વિદ્યાર્થીની સવારની કોલેજ/સ્કૂલ હશે તે વિદ્યાર્થી માટે સવારે ટીફીન આપવામાં આવશે, અને તેનો ચાર્જ અલગથી આપવાનો રહેશે.

(૧૪) કોઈપણ વિદ્યાર્થીને રસોડાની અંદર તૈયાર થયેલ રસોઈ ઉપરાંત બીજી ખાવાની વસ્તુઓ ભોજન સમયે લાવવા દેવામાં આવશે નહીં. તેમજ ખોરાકની કોઈપણ વસ્તુ રસોડામાંથી રુમમાં લઈ જવા દેવામાં આવશે નહીં.

(૧૫) રસોડાની વ્યવસ્થા સંબંધી વ્યવસ્થાપક કે ગૃહપતિએ જે નિયમો બાંધ્યા હોય તે બધા નિયમો વિદ્યાર્થીઓએ પાળવાના રહેશે.

(૧૬) હાથ ધોવા અથવા મોઢું સાફ કરવા વોશબેસીનનો જ ઉપયોગ કરવાનો રહેશે. ઠંડા પીવાના પાણીનો દુરઉપયોગ કરવો નહીં.

(૧૭) થાળી અને વાટકો સ્વચ્છ રીતે ધોઈને સાફ કરીને તેની યોગ્ય જગ્યાએ મુકવો. ભોજન બાદ ટેબલ ખુરશી વ્યવસ્થિત ગોઠવવા. તેમ નહીં કરનાર કસુરવારને દંડ ભરવાનો રહેશે. બુટ–ચંપલ બહાર રેકમાં વ્યવસ્થિત ગોઠવીને મુકવા.

## (૪) જીવન અને ચરિત્ર ઘડતર બાબત

(૧૮) જીવન અને ચારીત્ર્ય અંગેના શિક્ષણ માટે છાત્રાલયમાં ડોર ટુ વીસડમ એરકન્ડીશન હોલ આવેલ છે. જેમાં જુદા જુદા વિષયના વક્તાઓનું લેક્ચર ગોઠવવામાં આવશે. તેમાં દરેક વિદ્યાર્થીએ સફેદ શર્ટ અને બ્લ્યુ/બ્લેક પેન્ટના યુનીફોર્મમાં ફરજીયાત હાજર રહેવું જરૂરી છે. તેમાં ઓછામાં ઓછા ૭૫ ટકા હાજરી આપવી પડશે. તેનાથી ઓછી હાજરી હશે તો બીજી ટર્મે / બીજા વર્ષે પ્રવેશ આપવામાં આવશે નહીં. લેક્ચરમાં ગેરહાજર રહેનાર વિદ્યાર્થી પાસેથી દરેક લેક્ચરના રૂા. ૫૦/– દંડ તરીકે વસુલ કરવામાં આવશે.

## (૫) છાત્રાલયમાં રહેવા અંગના નિયમો

(૧૯) છાત્રાલયમાં જે વિદ્યાર્થીને પ્રવેશ તેને જે રૂમ / બેડ ફાળવવામાં આવશે તે જ તેને માન્ય રાખવા પડશે, બદલી આપવામાં આવશે નહીં. રૂમમાં બેડ, રેક, શુઝ રેક, કબાટ વ્યવસ્થિત ગોઠવીને રાખવા.

(૨૦) છાત્રાલયમાં બોલવા, ચાલવા, હરવા, ફરવામાં સદગૃહસ્થ અને સજ્જનને છાજે તેવું વર્તન કરવાનું રહેશે.

(૨૧) વિદ્યાર્થીનું વર્તન સંસ્થા તથા છાત્રો પ્રત્યે અનિષ્ટ તથા હાનિકારક જણાશે તો તેને ટ્રસ્ટીશ્રીઓ વગર ચેતવણીએ બરતરફ કરવાના અધિકારી રહેશે.

(૨૨) સ્ટાફના માણસોની સાથે વિદ્યાર્થીએ સભ્યતાથી વર્તવું પડશે. અસભ્ય વર્તન કરશે તો તે વિદ્યાર્થી શિસ્તભંગને પાત્ર લેખાશે.

(૨૩) સાયકલ, મોટરબાઈક, સ્કુટર, મોપેડ વગેરે પોતાને એલોટ કરેલ પાર્કિંગમાં પાર્ક કરવાના રહેશે. આનો અમલ નહીં કરનાર પાસેથી દંડ વસુલ કરવામાં આવશે.

(૨૪) કોઈ વિદ્યાર્થી કોઈપણ કારણસર સાંજે ૭:૦૦ વાગ્યા પછી કોઈપણ માણસને ગૃહપતિની પરવાનગી સિવાય છાત્રાલયમાં લાવી શકશે નહીં તેમજ સુવડાવી શકશે નહીં. વિદ્યાર્થીએ રાત્રે ૧૦:૩૦ વાગ્યા પહેલા છાત્રાલયમાં આવી જવું અને જો કોઈ કારણસર મોડુ થવાનું હોય તો ગૃહપતિની અગાઉથી મંજુરી લેવાની રહેશે. આ મંજુરી એક માસમાં ફક્ત બે વખત મળશે.

(૨૫) કોઈપણ વિદ્યાર્થી પોતાની નક્કી કરેલી જગ્યા સિવાય બીજી જગ્યા ગૃહપતિની પરવાનગી સિવાય વાપરી શકશે નહીં.

(૨૬) કોઈપણ વિદ્યાર્થીના મિત્રોને વિદ્યાર્થીના રૂમમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

(૨૭) કોઈપણ વિદ્યાર્થીના વાલી છાત્રાલયમાં રાત્રિ દરમિયાન રોકાણ કરી શકશે નહીં.

## (૬) છાત્રાલયમાં સ્વચ્છતા અને શિષ્ટતા અંગેના નિયમો

(૨૮) છાત્રાલયમાં રુમમાં જ્યારે કોઈપણ વિદ્યાર્થી હાજર નહીં હોય ત્યારે રુમના લાઈટ, પંખા તેમજ બારી–બારણા બંધ રાખવા અને જો તપાસ કરતા ચાલુ હશે તો તેની જવાબદારી સંયુક્તરીતે રુમપાર્ટનરની રહેશે અને જે કંઈ દંડ થશે તે તેઓને ભરપાઈ કરવાનો રહેશે.

(૨૯) છાત્રાલયમાં ન્યુઝપેપર અને મેગેઝીન જે આવે છે તે વાંચીને વ્યવસ્થિત રેકમાં મુકવાના રહેશે.

(૩૦) છાત્રાલયના સંડાસ તથા બાથરૂમ સંપૂર્ણ રીતે સ્વચ્છ રાખવા તેમજ કોઈપણ જાતની ગંદકી કરવી નહીં. શેમ્પુ, સાબુના રેપર્સ બાથરૂમમાં ગમે ત્યાં નાખવા નહીં. સંડાસ બાથરૂમમાં વાપરવાની ડોલ, ટમ્બલર, ઈલેક્ટ્રીક બલ્બ – ટયુબલાઈટ વગેરેમાં કોઈપણ જાતની ખરાબી હોય તો તાત્કાલિક લેખિતમાં ગૃહપતિનું ધ્યાન દોરવાનું રહેશે.

(૩૧) છાત્રાલયમાં પાન, સિગરેટ, તમાકુ કે ગુટકાનું સેવન કરવું નહીં, તેમજ છાત્રાલયના કમ્પાઉન્ડમાં વ્યસન કરીને પ્રવેશ કરવો નહીં. છાત્રાલયની કોઈ પણ દિવાલ ઉપર પાન ખાઈને પીચકારી મારવી નહીં અને કોઈપણ દિવાલ પર કોઈપણ જાતનું લખાણ લખવું નહીં. જો છાત્રાલયની કોઈપણ દિવાલ બગાડવામાં આવશે તો તેની જવાબદારી જે તે રુમના કે બાલ્કનીના વિદ્યાર્થીઓની સંયુક્ત રીતે રહેશે અને તે અંગનો જે પણ ખર્ચ થાય તે તેમને ભોગવવાનો રહેશે.

(૩૨) રુમમાં કચરો, પોતા અને સાફસુફી બરાબર થાય છે કે નહીં તેનું સંપુર્ણ ધ્યાન વિદ્યાર્થીએ રાખવાનું રહેશે. રુમની ભીંત કે છત કે પંખા ઉપર બઉઆ, છેપટ, ધૂળ વગેરે થાય તો તેની સફાઈ રુમ કલીનર પાસે કરાવી લેવાની જવાબદારી તે રુમના વિદ્યાર્થીની રહેશે.

(૩૩) છાત્રાલયમાં આવેલ નાસ્તાનો રુમ સ્વચ્છ રાખવો તેની જવાબદારી દરેક વિદ્યાર્થીની રહેશે. છાત્રાલયમાં ફાળવેલ રુમના કબાટ કે રુમમાં અન્ય જગ્યાએ નાસ્તો રાખવો નહીં આનો અમલ નહીં કરનાર પાસેથી દંડ લેવામાં આવશે.

(૩૪) કાગળ કચરો ગમે ત્યાં નહીં ફેંકતા છાત્રાલયમાં રાખવામાં આવેલા કચરા પેટીમાં નાખવા, પ્લાસ્ટીકની ખાલી થેલીઓ, નાસ્તાના પુંઠાના બોક્સ અને બુટના ખાલી બોક્સ રુમમાં રાખવા નહીં પણ કચરા પેટીમાં નાખી દેવા. પથારી, ઓશીકુ, ચાદર, ઓઢવાની રજાઈ વગેરે સંપૂર્ણપણે સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવા.

(૩૫) છાત્રાલય તરફથી ફાળવવામાં આવેલ દરેક વસ્તુ સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવી અને તેમાં કોઈપણ ભાંગ–તોડ ન થાય તેનું સંપૂર્ણપણે ધ્યાન રાખવું. (૩૬) ઉપર પ્રમાણેના બધાજ નિયમો અમે વાંચ્યા છે અને તે નિયમોનું પાલન કરવા બંધાયેલા છીએ અને તેને લગતા કોઈપણ દંડ તથા શિક્ષાત્મક પગલા લેવાય તે અમોને બંધનકર્તા રહેશે.

તારીખ.

વિદ્યાર્થીની સહી ..................................

વાલીની સહી ..................................

# <u>બાહેંધરી પત્ર</u>

**વિદ્યાર્થી નું નામ:**________________________________________________________

**સરનામું** : ______________________________________________________

______________________________________________________

પ્રતિ,
શ્રી સ્થાનકવાસી જૈન છાત્રાલય
સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી.જી.રોડ, નવરંગપુરા,
અમદાવાદ – ૩૮૦૦૦૯
મે. ટ્રસ્ટીશ્રી/સેક્રેટરીશ્રી

**બાબત : છાત્રાલયમાં નવા સત્રમાં પ્રવેશ અંગે**

જત હું નીચે સહી કરનાર વિદ્યાર્થી શ્રી____________________________________ આપના છાત્રાલયમાં નવા વર્ષ માટે પ્રવેશ અંગે નીચે મુજબની બાહેંધરી આપું છું.

(૧) હું આપના છાત્રાલય નો **જુનો વિદ્યાર્થી** છુ. મે સને_______________માં________________ કોર્ષની પરીક્ષા આપેલ છે.પણ તેનું પરિણામ હજુ સુધી આવેલ નથી તો મને નવા સત્રમાં છાત્રાલય માં પ્રવેશ આપશોજી. આપના નિયમ મુજબ મારા રિજલ્ટ ના ૬૦ ટકા થી ઓછા માર્કસ આવે તો મારું એડમિશન રદ કરશો . અને તે સંજોગો માં એક મહિના ના **રૂ.૪૫૦૦/-(અંકે રૂપિયા ચાર હજાર પાંચસો પુરા.)** લેખે બાદ કરીને બાકીની ફી પરત કરવામાં આવશે.

(૨) હું આપના છાત્રાલયમાં દાખલ થનાર **નવો વિદ્યાર્થી** છુ. મે સને__________માં_______________ કોર્ષની પરીક્ષા આપેલ છે. તેનું પરિણામ આવેલ છે. પણ અમદાવાદ માં એડમિશન મળેલ નથી તો મને નવા સત્રમાં છાત્રાલય માં પ્રવેશ આપશો. જો મને અમદાવાદની કોલેજમાં એડમિશન ન મળે તો મારું એડમિશન રદ કરશો તેની જાણ લેખિતમાં ૩૦ દિવસની અંદર જણાવવાની રહેશે ત્યારબાદ એક મહિના નાં **રૂ. ૩૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા.)** લેખે બાદ કરીને બાકીની ફી પરત કરવામાં આવશે.

ઉપરોક્ત (૧) તથા (૨)મુજબ ભરેલ લવાજમ ફી માંથી રકમ બાદ કરી ફી પરત કરશો જે મને કબુલ મંજુર છે જેની હું આ લેખિત બાહેંધરી આપું છું.

તારીખ : ________________ વિદ્યાર્થીની સહી____________________

વાલીની સહી______________________

---

નોંધ : આ બાહેંધરી પત્ર જુના વિદ્યાર્થીઓને **<u>રિજલ્ટ આવેલ ન હોય</u>** અને નવા વિદ્યાર્થીઓને **<u>અમદાવાદ ની કોલેજમાં એડમિશન ન મળેલ હોય</u>** તે જ વિદ્યાર્થીઓએ આપવું.

# <u>સ્થાનકવાસી જૈનના દાખલા માટે નમુનો</u>

પ્રતિ, તારીખ:

શ્રી સ્થાનકવાસી જૈન છાત્રાલય
સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી.જી.રોડ, નવરંગપુરા,
અમદાવાદ – ૩૮૦૦૦૯

મે. ટ્રસ્ટીશ્રી/સેક્રેટરીશ્રી

## બાબત: સ્થાનકવાસી જૈન અંગેનો દાખલો

**શ્રી________________________________________________ ( વિદ્યાર્થીનું નામ ) ના પિતાશ્રી / માતાશ્રી______________________________________________________અમારા સંઘના કાયમી સભ્ય____________ વર્ષથી છે. તેઓનો સભ્ય ક્રમાંક નંબર___________________છે. તેઓ સ્થાનકવાસી જૈન છે તે અંગેનો આ દાખલો આપવામાં આવે છે.**

**વિદ્યાર્થીનું નામ :**
**વિદ્યાર્થીનું સરનામું :**

**આપનો આભાર**

**સંઘનો સહી તથા સિક્કો**
**ટ્રસ્ટી/પ્રમુખ/મંત્રી**
**નામ :**

**મોબાઈલ નંબર :**

## <u>સ્થાનકવાસી જૈન સંઘના લેટર હેડ ઉપર નમુના મુજબનું લખાણ લાવવું.</u>